જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩

કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦

તા.૦૩/૦૯/૨૦૨૬ ગુરૂવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૧૨૨૫/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૨ કેસ કરી, ૩૧ વ્યક્તિઓને ઝડપી, ૧૨૪ લીટર દેશી દારૂ, ૨૦૮ બોટલ ઈંગ્લીશ દારૂ, ૫૮૭ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૨૩૮ બિયર ટીન અને ૦૨ સ્કુટર કબજે કર્યા હતા. તેમજ જુગારધારા હેઠળ ૦૬ કેસ કરી, ૨૨ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૭૩,૨૩૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ અટકાયતઃ– **સમાચાર યાદી નં.૧૨૨૬/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૭૯ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પાસા હેઠળ ૦૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

છેતરપીંડીઃ– **સમાચાર યાદી નં.૧૨૨૭/૨૦૨૬**

સાયબર ક્રાઈમઃ ઉત્તમકુમાર મણીલાલ પરમાર (ઉ.વ.૫૧) (રહે. અશોક આવાસ યોજના પોદાર સ્કુલ અને સાકાર સ્કુલની બાજુમાં ન્યુ સી.જી.રોડ ચાંદખેડા) એ તા.૦૨/૦૯/૨૦૨૬ ના રોજ સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૧/૧૧/૨૦૨૫ થી તા.૧૬/૦૨/૨૦૨૬ સુધીના સમયગાળા દરમ્યાન GujaratiMatrimony માંથી સ્મિતા શેટ્ટી નામ ધારણ કરનાર વ્યક્તિ વોટસએપ નંબર–+૧ (૨૮૯)૮૦૪–૭૩૦૦ તથા ઈમેલ આઈડી–shettysmitha501@gmail.com ના ધારકે સંપર્ક કરી ટોરેંટો કેનેડા ખાતે રહેતા હોવાનું અને પોતે નોવા મેડીકલ કંપનીમાં ચાર્ટર એકાઉન્ટન્ટ તરીકે નોકરી કરતા હોવાનું જણાવી તેમની કંપની સાથે “નડાલા બી રૂટ” નામની મેડીસીનનું રો મટીરીયલ્સનો વેપાર કરવા જણાવી ઉત્તમકુમાર પરમાર નાઓને વિશ્વાસમાં લઈ તેમના તરફથી જણાવવામાં આવેલ સપ્લાયર ઓછા ભાવે રો મટીરીયલ આપશે જેવી લોભામણી લાલચ આપી રો મટીરીયલના સપ્લાયર તરીકે મહેરાબ નામની વ્યક્તિ મો.નં.+૯૧ ૭૨૦૪૮૦૦૭૯૬, ૭૩૮૬૧૯૧૬૭૩, ૮૯૦૪૭૨૪૭૯૬ ના ધારકે ભારથી ફર્મ નામની કંપની ઈમેલ આઈડી–bharathifarm8@gmail.com ના ધારકે માલીક હોવાનુ જણાવી બનાવટી સેમ્પલ મોકલી આપી તેમજ નોવા મેડીકલ્સનો પરચેઝ મેનેજર તરીકે ફ્રેડ બ્રેન્ડોન મો.નં–+૯૧ ૭૩૪૮૯૭૬૯૦૮ તથા મો.નં–+૧ (૬૮૨) ૨૦૧ – ૦૨૩૫ ના ધારકોએ સેમ્પલ જોવા માટે મુંબઈ ખાતે આવી સેમ્પલ મેળવી લઈ સેમ્પલ પસંદ કરી બીજા ૫૦ સેમ્પલ માટેનો ઓર્ડર આપી નોવા કંપનીનો બનાવટી પરચેઝ ઓર્ડર મોકલી આપી રો મટીરીયલના પેમેન્ટ માટે મહેરાબ નામની વ્યક્તિ દ્વારા આપવામાં આવેલ જુદા–જુદા બેન્ક ખાતાઓમાં કુલ રૂપિયા ૧,૧૦,૨૨,૦૦૦/– મેળવી લઈ વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ ક્રાઈમ બ્રાન્ચ આર્થિક ગુના નિવારણ શાખા યુનિટ–૪ પો.ઈ.શ્રી એસ.ડી.સિસોદીયા ચલાવે છે.

ક્રાઈમ બ્રાન્ચઃ ગીરીશભાઇ રમેશભાઇ મિસ્ત્રી (ઉ.વ.૫૭) (રહે. બાબુનગર સોસાયટી વાઘેશ્વરી બસ સ્ટેન્ડની બાજુમાં ચાંદલોડીયા) એ તા.૦૨/૦૯/૨૦૨૬ ના રોજ ક્રાઇમ બ્રાન્ચ ખાતે ફરીયાદ નોધાવી છે કે ગીરીશભાઇ મિસ્ત્રીની પુત્રીના યુ.કે. નોર્વીચના સ્ટુડન્ટ વીઝા માહે ફેબ્રુઆરી-૨૦૨૬ માં પુરા થતાં હોય જે વીઝા રીન્યુ કરવા આરોપી નરેશભાઇ ઘીરૂભાઇ ડોબરીયા (રહે. સત્યનારાયણ સોસાયટી પુણા ગામ બોમ્બે માર્કેટ રોડ સુરત શહેર) એ એસ.ડી.ઓવર્સીઝ નામથી એજન્ટ તરીકે ઓળખ આપી તા.૧૯/૦૯/૨૦૨૫ થી તા.૦૬/૦૪/૨૦૨૬ સુધીના સમયગાળા દરમ્યાન વીઝા રીન્યુ કરવા પેટે રૂપિયા ૨૩,૫૦,૦૦૦/- મેળવી લઈ નોર્વીચના વીઝા ના બદલે વેમલીના વીઝા કરી આપવાનું જણાવતાં ગીરીશભાઇ મિસ્ત્રીએ નોર્વીચના વીઝા થાય તેમ ન હોય તો રૂપિયા પરત માંગણી કરતા આપેલ નાણાં પરત નહી આપી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ ક્રાઇમ બ્રાન્ચ આર્થિક ગુના નિવારણ શાખા યુનિટ-૪ પો.ઇ.શ્રી એસ.ડી.સિસોદીયા ચલાવે છે.

ચોરીઃ- **સમાચાર યાદી નં.૧૨૨૮/૨૦૨૬**

નારોલઃ મહેરાજબીબી વિ ડૉ/ઓ મોહમદઇબ્રાહિમભાઇ કલકત્તાવાલે (ઉ.વ.૬૫) (રહે. નવગજાપીર મોહલ્લો, વાડી મોટી વ્હોરવાડ સ્વામિનારાયણ મંદિર રોડ તા.જી.વડોદરા) એ તા.૦૨/૦૯/૨૦૨૬ ના રોજ નારોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૧/૦૮/૨૦૨૬ બપોરના ૦૧/૦૦ થી ૦૧/૩૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન સરખેજથી નારોલ સર્કલ દ્વારકેશ ટી સ્ટોલ સુધીની શટલ ઓટોરિક્ષામાં મુસાફરી દરમ્યાન બાજુમાં બેસેલ બે સ્ત્રીઓએ મહેરાજબીબી કલકત્તાવાલેની નજર ચુકવી બેગમાંથી સોનાની ચાર બંગડી કિમત રૂપિયા ૧,૨૫,૦૦૦/- તેમજ પોતાના પુતનો પાસ પોર્ટ અને જરૂરી દસ્તાવેઝની ચોરી કરી લીધી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી આર.પી.રાણા ચલાવે છે.

સાપ એ ડંખ મારતા મૃત્યુઃ- **સમાચાર યાદી નં.૧૨૨૯/૨૦૨૬**

સોલા હાઈકોર્ટઃ ઓગણજ આદીરત્નકર જૈન સ્વેતાંબર દેરાસની પાસે ખુલ્લા પ્લોટમાં રહેતા સંજયકુમાર રમણભાઇ આમલીયાર (મુળ વતન. ગામ-નેસરતનપુર તા-ફતેપુર જી-દાહોદ) નાઓ રહેણાંક ખાતે તા.૨૮/૦૮/૨૦૨૬ રાતના ૧૦/૦૦ વાગ્યાના સુમારે પરિવાર સાથે સુતા હતા દરમ્યાન તેમાની દસ વર્ષની પુત્રીને હાથની હથેળીમાં સાપ એ ડંખ મારતા સારવાર માટે તેને સિવિલ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવી હતી. જ્યાં સારવાર દરમ્યાન તા.૦૧/૦૯/૨૦૨૬ રાતના ૧૦/૦૦ વાગે તેનું મૃત્યું નિપજયું હતું. આ અંગે સોલા હાઇકોર્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી બી.પી.ડિન્ડોર ચલાવે છે.

આત્મહત્યાઃ- **સમાચાર યાદી નં.૧૨૩૦/૨૦૨૬**

અમરાઇવાડીઃ સજ્જનભાઇ રામલાલ સરોજ (ઉ.વ.૩૯) (રહે. વ્હોરા બંગ્લાવાળી ચાલી એ.ઇ.સી. પાસે મેટ્રો પિલ્લર નંબર-૨૬ સામે અમરાઇવાડી) એ અગમ્ય કારણસર તા.૦૧/૦૯/૨૦૨૬ રાતના ૧૧/૦૦ થી તા.૦૨/૦૯/૨૦૨૬ સવારના ૦૭/૧૫ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના ઘરે દરવાજાની ઉપરની લોખંડની બારીમાં રૂમાલ(ગમછો) બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે અમરાઇવાડી પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી માનસિંહ અભેસિંહ ચલાવે છે.

નારોલઃ નારોલ લાંભા સ્વપ્નસાકાર ફ્લેટ ખાતે રહેતા અજય મહેન્દ્રભાઇ પરીહાર (ઉ.વ.૨૬)(મુળ વતન. ગામ-પખરા પોસ્ટ.-ક્રમરારી જી-દતીયા મધ્યપ્રદેશ) એ અગમ્ય કારણસર તા.૦૧/૦૯/૨૦૨૬ રાતના ૮/૨૫ વાગ્યા પહેલા કમોડ ગામ રીંગરોડ સાબરમતી બ્રીજ ઉપરથી પડતું મુકી આત્મહત્યા કરી હતી. આ અંગે નારોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી રવિચંદ્ર જેહાભાઈ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ.યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી